eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 205
November 20, 2009

## ડેન્ગ્યુ, ચીકુનગુનિયા રોગ માટે જવાબદાર મચ્છરના ઉત્પતિ સ્થાન માટે જરૂરી પ્લેટફોર્મ (પાણીભરાવા) તૈયાર કરતા ઈસમ વરૂણીમાં

સેન્ટ્રલઝોન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા સેન્ટ્રલઝોન કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચીકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો ન ફેલાય તે માટેની વિવિધ કામગીરી કરવામાં આવે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પોનું લોકાપર્ણ તથા ખાતમુહૂર્ત



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં તા. ૧૪–૧૧–૨૦૦૯ ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ ખાતે કોમ્યુનીટી હોલની ઉદ્‌ઘાટનવિધિ, શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા માનનીય મેયરશ્રી ના પ્રમુખપદે, શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મા. સાસંદશ્રી ના મુખ્ય મહેમાનપદે સંપન્ન થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>



## શહેરી વિકાસ મંત્રી ધ્વારા સુરતના સ્પેશ્યલ પ્રોજેક્ટ માટે રૂા. ૧૦૦ કરોડની ફાળવણી

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રોજેકટના ખાતમુહુર્તિ તેમજ લોકાર્પણ વિધિમાં હાજર રહેલ શહેરી વિકાસ મંત્રીશ્રી નિતિનભાઈ પટેલ ધ્વારા પ્રાસંગિક પ્રવચનમાં આજે જણાવ્યા અનુસાર ગુજરાત રાજયના શહેરોમાં વસેલ વસ્તીને સંપૂર્ણ અને ઉત્તમ તબકકાની સુવિધાઓ પુરી પાડવા માટે રાજય સરકારે શહેરોના વિકાસ પાછળ છેલ્લા ત્રણ એક વર્ષમાં રૂા.૫૦૦૦ કરોડના પ્રોજેકટો હાથ ઉપર લીધેલા છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા તરફથી વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વેકટર બોર્ન ડીસીઝને નિયંત્રણ હેઠળ રાખવા માટે સઘન કામગીરી

વેકટર બોર્ન ડીસીઝ માટે સુરત શહેરનું વાતાવરણ ખૂબ જ અનુકૂળ છે. અનુકૂળ વાતાવરણને લીધે મચ્છરનું આયુષ્ય વધે છે, તેમજ મચ્છરજન્ય રોગોનું ઝડપી ટ્રાન્સમીશન થાય છે, અને તેમાં પણ ખાસ કરીને વેકટર બોર્ન ડીસીઝ માટે હવામાં ભેજનું પ્રમાણ, વરસાદનું પ્રમાણ, વરસાદના દિવસો અને જો તાપમાન ૨૦–૩૦ ડીગ્રી હોય તો મચ્છરજન્ય રોગો માટે આદર્શ પરિસ્થિતિ ગણાય છે. જે તમામ પ્રકારની પરિસ્થિતિ સુરત શહેરમાં જોવા મળે છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ડેન્ગ્યુ, ચીકુનગુનિયા રોગ માટે જવાબદાર મચ્છરના ઉત્પતિ સ્થાન માટે જરૂરી પ્લેટફોર્મ (પાણીભરાવા) તૈયાર કરતા ઈસમ વરૂણીમાં

સેન્ટ્રલઝોન વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા સેન્ટ્રલઝોન કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં ડેન્ગ્યુ, મેલેરિયા, ચીકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો ન ફેલાય તે માટેની વિવિધ કામગીરી કરવામાં આવે છે. સદર કામગીરી અંતર્ગત હાલની ડેન્ગ્યુ, ચસકુનગુનિયા જેવા મચ્છરજન્ય રોગ વકરવાની પરિસ્થિતિ મે. કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાની સુચના અને ઝોનલ ચીફ સેન્ટ્રલઝોનલશ્રી કેતનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સઘન મચ્છરજન્ય રોગ વિષયક સર્વે હાથ ધરતાં મજુરાગેટ, દયાળજી આશ્રમની સામે સ્થિત કાશીપ્લાઝામાં ઉકત મુજબના રોગો થવા માટે જવાબદાર મચ્છરના પોરા તૈયાર થતાં હોવાનું ધ્યાને આવતા વાહકજનિત રોગ નિયંત્રણ વિભાગ સેન્ટ્રલઝોન ધ્વારા સ્થળ ઉપર જ પ્રમુખશ્રી કાશીપ્લાઝા એસોસીયેશન પાસેથી રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દશ હજાર) વહીવટી ખર્ચ પેટે વસુલ લઈ તેમના ધ્વારા કરવામાં આવતો બીનજરૂરી પાણી ભરાવો તાકીદે દૂર કરવાની સુચના આપેલ છે. આમ સુરત માનગરપાલિકા મચ્છર જન્ય રોગોના અટકાયત માટે ભવિષ્યમાં પણ ખૂબ જ જલદ સર્વે હાથ ધરનાર હોય, મચ્છરની ઉત્પત્તિ માટે જવાબદાર જરૂરી પ્લેટફોર્મ (પાણી ભરાવો) ન થવા દેવા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પોનું લોકાપર્ણ તથા ખાતમુહૂર્ત



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં તા. ૧૪–૧૧–૨૦૦૯ ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ ખાતે કોમ્યુનીટી હોલની ઉદ્‌ઘાટનવિધિ, શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે, શ્રી રણજીતભાઈ ગીલીટવાલા માનનીય મેયરશ્રી ના પ્રમુખપદે, શ્રીમતિ દર્શનાબેન જરદોશ, મા. સાસંદશ્રી ના મુખ્ય મહેમાનપદે સંપન્ન થઈ.

રાંદેર ઝોનમાં દિવાળીબાગ પાસે, સુમન હાઈસ્કુલ નજીક, અડાજણ ખાતે સદર કોમ્યુનીટી હોલ અંદાજે રૂા.૧ કરોડ ૮૨ લાખ ૫૦ હજરના ખર્ચે ૧૬ માસના સમયગાળામાં ૧૦,૬૮૯.૨૦ ચો. મી.,પ્લોટમાં ૨૦૭૯.૯૯ ચો.મી. ક્ષેત્રફળમાં બાંધકામ કરવામાં આવેલ છે.



સદર કોમ્યુનીટી હોલના ગ્રાઉન્ડ ફલોર પર આઉટ સાઈડ ફોયર ૩.૫૨ × ૧૪.૬૦મી., ઈન સાઈડ ફોયર ૧૨.૯૮ × ૧૪.૧૪ મીટર, પીવાના પાણીની પરબ : ૨.૮૧ મી. × ૩.૬૦ મી., ડ્રેસ રૂમ, ચેઈન્જ રૂમ તથા કીચન ૯.૫૦ મીટર × ૯.૫૦ મીટર, મુખ્ય હોલ ૨૧.૩૪ × ૩૭.૫૦ મીટર, લોન એરીયા ૩૬૦૦ ચો.મીટર, પાર્કીંગ તથા ખુલ્લી જગ્યા ૫૪૭૦ ચો. મીટરનું આયોજન કરવામાં આવેલ છે.

ફર્સ્ટ ફલોર પર મલ્ટીપર્પઝ રૂમ : ૩.૦૮ × ૬.૪૩ મીટર, અને ૨.૮૧ × ૩.૬૦ મીટર, ડ્રેસ રૂમ, ચેઈન્જ રૂમ તથા સ્ટોર ૪.૭૫ × ૪.૭૩ મીટરનું આયોજન કરવામાં આવેલ છે.

કોમ્યુનીટી હોલમાં અંડર ગ્રાઉન્ડ પાણીની ટાંકી ૪૪૦૦૦ લીટર તેમજ ઓવરહેડ પાણીની ટાંકી ૮૦૦૦ લીટરનું આયોજન કરવામાં આવેલ છે.

સદર કોમ્યુનીટી હોલનું લોકાર્પણ થતા અંદાજે ૨ લાખ જેટલા લોકોને લાભ મળશે.

આ પ્રસંગે અતિથિવિશેષશ્રીઓ શ્રી કિશોરભાઈ વાંકાવાલા, મા. ધારાસભ્યશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ મા. અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, શ્રી ભીમજીભાઈ પટેલ મા. નેતાશ્રી શાસક પક્ષ, એસ. અપર્ણા, કમિશનરશ્રી, તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

# શહેરી વિકાસ મંત્રી ધ્વારા સુરતના સ્પેશ્યલ પ્રોજેકટ માટે રૂા. ૧૦૦ કરોડની ફાળવણી



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ પ્રોજેકટના ખાતમુહુર્તિ તેમજ લોકાર્પણ વિધિમાં હાજર રહેલ શહેરી વિકાસ મંત્રીશ્રી નિતિનભાઈ પટેલ ધ્વારા પ્રાસંગિક પ્રવચનમાં આજે જણાવ્યા અનુસાર ગુજરાત રાજયના શહેરોમાં વસેલ વસ્તીને સંપૂર્ણ અને ઉત્તમ તબકકાની સુવિધાઓ પુરી પાડવા માટે રાજય સરકારે શહેરોના વિકાસ પાછળ છેલ્લા ત્રણ એક વર્ષમાં રૂા.૫૦૦૦ કરોડના પ્રોજેકટો હાથ ઉપર લીધેલા છે, તે પૈકી કેટલાક અગત્યના પ્રોજેકટો પૂર્ણ કરી દેવામાં આવેલ છે અને બાકીના પ્રોજેકટો પૂર ઝડપથી ચાલી રહેલ છે. તેઓએ વધુમાં જણાવ્યુ કે ૧૯૬૦ માં ગુજરાત રાજય અસ્તિત્વમાં આવેલ તેના ૫૦ વર્ષ ૨૦૧૦ માં પૂર્ણ થનાર છે, ત્યારે ગુજરાત રાજય સ્વર્ણિમ ગુજરાતનો એક અનેરો સંકલ્પ લઈને આગળ વધી રહેલ છે. સ્વર્ણિમ ગુજરાતના વર્ષમાં માત્ર ઉજવણી કે નારા નહિ પરંતુ લોકપ ઉપયોગી વિકાસના કામો હાથ ધરવાનું ધ્યેય રાખવામાં આવેલ છે. માન. શહેર વિકાસ મંત્રીશ્રી નિતીનભાઈ પટેલએ જણાવેલ કે, આ અંગે ગુજરાતના મુખ્ય શહેરો અને અન્ય શહેરોના વિકાસ માટે રૂા.૭૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ છે. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના અનુસંધાને સુરત શહેર માટે વિકાસલક્ષી પ્રોજેકટો હાથ ધરવા રાજય સરકાર તરફથી રૂા. ૧૦૦ કરોડની રકમ ફાળવવા અંગે પણ મહત્વપૂણ જાહેરાત આજ રોજ માન. શહેરી વિકાસ મંત્રીશ્રી ધ્વારા કરવામાં આવેલ છે.

શહેરને ઝુંપડપટ્ટી મુકત બનાવી શહેરી ગરીબોને આવાસની સુંદર સગવડ આપવાના હેતુથી ગરીબ વર્ગના લોકો માટે મકાનો બનાવવાનું ઉત્તમ કામ હાથ ધરવામાં આવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ કેનદીના પટ સિવાય જેવા સંવેદનશીલ વિસ્તાર તેમજ શહેરના વિકાસમાં નડતરરૂપ ન હોય તેવા પ્લોટો ઉપર ઝુંપડપટ્ટી આવેલી હોય તો તેઓને તે જ જગ્યા ઉપર પાકા આવાસો બનાવી ઈનસીટુ **rehabilitation** કરવાનો કાર્યક્રમ ટૂંક સમયમાં પ્રારંભ થનાર છે, તેમ પણ શ્રી નિતીનભાઈ પટેલ સાહેબ તરફથી સમારંભમાં જાહેર કરવામાં આવ્યું છે.

મા.મંત્રીશ્રી ધ્વારા ગુજરાત રાજયમાં આવેલ શહેરોના વિકાસ પૈકી સુરત શહેર ધ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરીને બિરદાવી સુરત શહેરના લોકો મહાનગરપાલિકાના વહીવટદારો તેમજ કાર્યકરોન આ યશમાં ભાગીદાર ગણી જણાવ્યુ કે સુરતને વિશ્વસ્તરે પ્રખ્યાત એવા શહેર બનાવવા ઈચ્છું છું. છેલ્લા ત્રણ વર્ષમાં સુરતમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપર થયેલ લગભગ રૂા.૨૦૦૦ કરોડના ખર્ચની નોંધ લેતા આવતા દિવસોમાં આ જ રીતે વિકાસના કામો વેગવંતા રહેશે તેવી શુભેચ્છા પણ મા.શહેરી વિકાસ મંત્રી શ્રી નિતીનભાઈ પટેલ ધ્વારા સમારંભમાં સુરત મહાનગરપાલિકાને પાઠવવામાં આવ્યું.



લગભગ રૂા.૧૧ કરોડના ખર્ચે સાકારીત થનાર શ્રી સંજીવકુમાર ઉર્ફે હરીભાઈ જરીવાળા ઓડીટોરીય ખાતમુર્હતના પ્રસંગે મા.શહેરી વિકાસ મંત્રી શ્રી નિતીનભાઈ પટેલસાહેબે ઉલ્લેખ કરેલ કે સ્વ. સંજીવકુમાર ગુજરાતના જ સપૂત અને સુરતના મૂળવતની હતા અને તેમણે અભિનય ક્ષેત્રે રાષ્ટ્રીય અને આંતરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતી મેળવીને ગુજરાત અને રાષ્ટ્રને ગૌરવ અપાવેલ હતું. તેમના અભિનયને આજે પણ લોકો યાદ કરે છે તે સંજોગોમાં સુરત મહાનગરપાલિકાએ ગુજરાતના સપુત સ્વ. સંજીવકુમાર ની યાદને તાજી કરવા માટે આ સુંદર ઓડીટોરીયમનું નિર્માણ હાથ ધરેલ છે તે પ્રશંસનીય છે અને તેમના શ્રધ્ધાંજલીરૂપે રહેશે તેવું શ્રી નિતીનભાઈ પટેલે નોંધ લીધી હતી.

પ્રસંગમાં હાજર રહેલ આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ વિભાગના મા.મંત્રી શ્રી મંગુભાઈ પટેલ સાહેબે પણ સુરતમાં થયેલ વિકાસ અને પ્રગતિ અંગે નોંધ લીધેલ. વિકાસના કામોમાં સુરત અવ્વલ નંબર રહેશે અને સમાજના દરેક વર્ગને ઉપયોગી એવા પ્રોજેકટો પાર પાડશે તેવી આશા વ્યકત કરેલ છે. મા.મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસને મહત્વ આપવામાં આવે છે તેવું પણ તેઓએ ઉલ્લેખ કરેલ.

Continue …

પ્રસંગમાં સુરત મહાનગરપાલિકાન મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાએ તેમના પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવેલ કે, સુરત મહાનગરપાલિકા ધ્વારા લોકોની લાગણીને સમજીને તદનુસાર પ્રોજેકટો હાથ ધરવામાં આવે છે. અને આવતા દિવસોમાં વધારે ઝડપ અને આયોજન સાથે કામગીરી થશે તેવી ખાત્રી પણ આપી હતી. રાજય સરકાર તરફથી ઓકટ્રોયના વિકલ્પે અપાતી ગ્રાન્ટ અને **JnNURM** પ્રોજેકટને પાછળ રાજય સરકાર ધ્વારા અપાયેલ નાણાંકીય ફાળો અને વહીવટી માર્ગદર્શનનું પણ તેમણે આભાર વ્યકત કર્યો હતો.

મા.ધારાસભ્ય શ્રી નાનુભાઈ વાનાણીએ ઉત્રાણ–કાપોદ્રા પુલના નિર્માણથી આ વિસ્તારના લોકોને થનાર સુવિધાનો ઉલ્લેખ કર્યો હતો અને હીરા ઉધોગોના કારીગરો અને વેપારીઓને મલ્ટીલેવલ પાર્કીગનો મહત્તમ લાભ મળશે તેવી આશા વ્યકત કરી હતી. શાશકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે વિસ્તારના લોકો અને રત્નકલાકારો માટે કરવામાં આવેલ વિકાસ કામોની જાણકારી આપી. સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ ધ્વારા આવનાર બી.આર.ટી.એસ. પ્રોજેકટ અંગે વિગતવાર માહિતી આપી.





પ્રસંગની શરૂઆતમાં મ્યુનિસિપલ કમિશનરશ્રીએ સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસની રૂપરેખા આપી હતી. તેમના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૦૭–૦૮ માં રૂા.૫૫૩ કરોડ, વર્ષ – ૨૦૦૮–૦૯ માં રૂા.૭૩૧ કરોડ અને ચાલુ નાણાંકીય વર્ષના છ માસમાં રૂા.૩૯૦/– કરોડના માતબર રકમ વિકાસના કામો પેટે ખર્ચ થયેલ છે. નવા વિસ્તારમાં રૂા. ૨૦૦ કરોડના ખર્ચે પાયાની સુવિધાઓ સુદૃઢ બનાવવાની કામગીરી થયેલ છે. આંતર માળખાકીય સુવિધાઓ ઉપરાંત અઢી વર્ષના સમયગાળા દરમ્યાન શહેરમાં લગભગ ૨૯૦ કિ.મીટર ગટર લાઈન, લગભગ ૩૦૦ કિ.મીટર પાણીની લાઈન, લગભગ ૨૦૦ કિ.મીટર વરસાદી ગટર લાઈન ઉપરાંત ૦૮ પ્રાથમિક શાળાઓ, ૦૬ નવા આરોગ્ય કેન્દ્ર, ૨ ફાયર સ્ટેશન, ૦૫ કોમ્યુનીટી હોલ, ૦૮ વાંચનાલય, ૬૩ આંગણવાડી, ૧૯ બાગ/ શાંતિકુંજ લોકોને અર્પણ કરેલ હોવાનું જણાવ્યું હતું. હાલમાં જ નાના વરાછા–કાપોદ્રા ખાતે ફલાય ઓવર કાર્યરત કરવામાં આવેલ છે અને હાલ શહેરીની વિવિધ સ્થળોએ ૦૩ ફલાય ઓવર બ્રીજ, ૦૧ રેલ્વે ઓવર બ્રીજનું નિર્માણ ચાલું હોવાનું જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકા ધ્વારા રહેણાંક ની ૧૦૯૬ સોસાયટીના આંતરીક રસ્તા ઉપર ગટર, પાણી, સ્ટ્રીટ લાઈટ અને રસ્તાઓની સુવિધાઓ છેલ્લા ત્રણ–ચાર વર્ષમાં પૂર્ણ થયેલ તેમજ આવી સુવિધા આપવા ૩૧૯ કામોના અંદાજો મંજુર કરેલ હોવાનું જણાવ્યું હતું.

કાર્યક્રમના આભાર વિધી મા.ડે.મેયર શ્રી કિશોરભાઈ કાનાણીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહવા બદલ અને મહાનગરપાલિકાના વિકાસ કામોમાં સહકાર આપવા બદલ આભાર વ્યકત કરેલ હતો.

TOP

## સુરત મહાનગરપાલિકા તરફથી વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વેકટર બોર્ન ડીસીઝને નિયંત્રણ હેઠળ રાખવા માટે સઘન કામગીરી

વેકટર બોર્ન ડીસીઝ માટે સુરત શહેરનું વાતાવરણ ખૂબ જ અનુકૂળ છે. અનુકૂળ વાતાવરણને લીધે મચ્છરનું આયુષ્ય વધે છે, તેમજ મચ્છરજન્ય રોગોનું ઝડપી ટ્રાન્સમીશન થાય છે, અને તેમાં પણ ખાસ કરીને વેકટર બોર્ન ડીસીઝ માટે હવામાં ભેજનું પ્રમાણ, વરસાદનું પ્રમાણ, વરસાદના દિવસો અને જો તાપમાન ૨૦–૩૦ ડીગ્રી હોય તો મચ્છરજન્ય રોગો માટે આદર્શ પરિસ્થિતિ ગણાય છે. જે તમામ પ્રકારની પરિસ્થિતિ સુરત શહેરમાં જોવા મળે છે. સદર પરિસ્થિતિને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકા તરફથી વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા વેકટર બોર્ન ડીસીઝને નિયંત્રણ હેઠળ રાખવા માટે સઘન કામગીરી કરવામાં આવે છે. આ કામગીરીનું અઠવાડિક રીવ્યુ અને વર્કર લેવલ સુધીનું નિયમીત મોનીટરીંગ કરવામાં આવે છે.

વર્ષ –૨૦૦૮ ના સપ્ટેમ્બર મહિનામાં ૨૭૧૬ મેલેરીયા કેસ જોવા મળેલ હતા, તેની સરખામણીમાં વર્ષ ૨૦૦૯ નાં સપ્ટેમ્બર મહિનામાં ૧૬૯૩ મેલેરીયાનાં કેસ જોવા મળેલ છે. તે જ રીતે પી.એફ.કેસમાં ૧૫૨૧ ની સામે ૫૮૧ પી.એફ.કેસો જોવા મળેલ છે. જે બતાવે છે કે, મેલેરીયા કેસમાં ૩૭.૬૭% નો ઘટાડો અને પી.એફ.કેસમાં ૬૧.૮૦% નો ઘટાડો જોવા મળેલ છે. તે જ રીતે મેલેરીયા વેકટર ડેન્સીટી, એડીસ વેકટર ડેન્સીટી અને ફાઈલેરીયા વેકટર ડેન્સીટીમાં પણ ઘટાડો જોવા મળેલ છે.

વર્ષ –૨૦૦૮ ના ઓકટોબર મહિનામાં ૧૪૮૭ મેલેરીયા કેસ જોવા મળેલ હતા, તેની સરખામણીમાં વર્ષ ૨૦૦૯ નાં ઓકટોબર મહિનામાં ૧૨૪૬ મેલેરીયાનાં કેસ જોવા મળેલ છે. તે જ રીતે પી.એફ.કેસમાં ૧૦૫૮ ની સામે ૫૪૧ પી.એફ.કેસો જોવા મળેલ છે. જે બતાવે છે કે, મેલેરીયા કેસમાં ૧૬.૨૧% નો ઘટાડો અને પી.એફ.કેસમાં ૪૮.૮૭% નો ઘટાડો જોવા મળેલ છે. તે જ રીતે મેલેરીયા વેકટર ડેન્સીટી, એડીસ વેકટર ડેન્સીટી અને ફાઈલેરીયા વેકટર ડેન્સીટીમાં પણ ઘટાડો જોવા મળેલ છે.

વર્ષ ૨૦૦૯ નાં સપ્ટેમ્બર મહિનામાં ૧૮૭ શંકાસ્પદ ડેન્ગ્યું કેસના સીરમ સેમ્પલ લેવામાં આવેલ હતા, તેમાંથી ૧૦૯ કેસો પોઝીટીવ જોવા મળેલ હતા. વર્ષ ૨૦૦૯ નાં ઓકટોબર મહિનામાં ૨૧૪ શંકાસ્પદ ડેન્ગ્યું કેસના સીરમ સેમ્પલ લેવામાં આવેલ હતા, તેમાંથી ૧૩૮ કેસો પોઝીટીવ જોવા મળેલ હતા. પ્રાઈવેટ હોસ્પિટલોમાંથી પણ સેમ્પલ લેવામાં આવે છે, અને તે વિસ્તારમાં ડેન્ગ્યું અટકાયતી પગલા લેવામાં આવે છે. શંકાસ્પદ ડેન્ગ્યુંના કેસોનું સીરમ સેમ્પલ મેળવીને સ્મીમેર હોસ્પિટલ ખાતે રાષ્ટ્રીય માર્ગદર્શિકા પ્રમાણે યને ભદ્યિ(બ તભ(ત કરવામાં આવેલ છે.

વર્ષ –૨૦૦૮ ના નવેમ્બર મહિનામાં ૯૫ શંકાસ્પદ ડેન્ગ્યું કેસના સીરમ સેમ્પલ લેવામાં આવેલ હતા, અને તેમાંથી ૪૨ કેસો પોઝીટીવ જોવા મળેલ હતા, તેની સરખામણીમાં વર્ષ ૨૦૦૯ નાં નવેમ્બર(તા.૧૫ સુધીમાં) મહિનામાં ૪૭ શંકાસ્પદ ડેન્ગ્યું કેસના સીરમ સેમ્પલ લેવામાં આવેલ હતા, તેમાંથી ૨૭ કેસો પોઝીટીવ જોવા મળેલ હતા. જે બતાવે છે કે, સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૦૯ની સરખામણીમાં નવેમ્બર–૨૦૦૯ માં ડેન્ગ્યું કેસમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળેલ છે.

માહે સપ્ટેમ્બર, ઓકટોબર અને નવેમ્બર–૨૦૦૯ દરમયાન સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં મેલેરીયા અને ડેન્ગ્યુંના નિયંત્રણ માટે નીચે મુજબનાં ઘનિષ્ઠ પગલા લેવામાં આવેલ છે.

**(A) એન્ટીલાર્વલ કામગીરી :–**

**(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે :–**

એકટીવ સર્વેલન્સ દ્વારા ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે કરવામાં આવેલ, તેમાંથી ૨૬,૯૧,૯૬૬ જેટલા રહેણાંક આવાસોમાંથી કુલ ૨૮,૭૩૪ પોઝીટીવ બ્રિડીંગ સ્પોટ મળ્યા. ૧૦,૪૭૫ એનોફીલીસ બ્રિડીંગ સ્પોટ, ૧૫,૯૦૪ એડીસ, ૧૪૯ કયુલેકસ અને ૨૨૦૬ મિક્ષ બ્રિડીંગ ઘરે ઘરે સર્વે કરતાં મળ્યા હતા. મળેલ તમામ બ્રિડીંગ સ્પોટનો ટેમીફોસ ૫૦% ઈ.સી. વડે નાશ કરવામાં આવ્યા હતા, અને લોકોને મચ્છર જન્ય રોગો અંગેની સમજ આપવામાં આવી હતી.

**(૨) પેરીડોમેસ્ટીક સર્વે :–**

બાંધકામ થતી જગ્યાઓમાં, ઘર બહારના પાણીના ભરાવાઓ, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, ઓવર હેડ ટાંકી, ગ્રાઉન્ડ ટાંકી, ખાડી, ડ્રેનેજ અને નહેરના સીપેજ બ્રિડીંગ માટે મુખ્ય કારણ જણાયેલ છે. ખાતાના વર્કરો દ્વારા અઠવાડીક ફેરણી કાર્યક્રમ દરમ્યાન સદર બ્રિડીંગ શોધી નાશ કરવામાં આવેલ છે. પેરી ડોમેસ્ટીક કામગીરી માટે ૭૩ જેટલી ટીમ બનાવીને ૩૨૬ સ્કે./કિ.મી.ના વિસ્તારને દર અઠવાડીયે લાર્વીસાઈડ ટ્રીટમેન્ટ આપી કવર કરવામાં આવે છે. ૯૯૩૮ બાંધકામ અને પેરીડોમેસ્ટીક વિસ્તાર સર્વે કરતાં ૧૨૯૩૩ જેટલા પોઝીટીવ બ્રિડીંગ જણાયેલ હતા. તેમાંથી એનોફિલીસ લાર્વા ૩,૬૫૫ એડીસ ૮૭૨, કયુલેકસ ૫૬૧૪ અને ૨,૭૯૨ જેટલા સ્પોટ મિક્ષ બ્રિડીંગ જણાયા હતા. આ તમામ બ્રિડીંગ સ્પોટને વિવિધ જંતુનાશક દવાઓ જેવી કે, બાયોલાર્વીસાઈડ, એમ.એલ.ઓઈલ અને ટેમીફોસ ૫૦% નો ઉપયોગ કરી નાશ કરવામાં આવેલ હતા.

Continue …

(૩) **બાયોલોજીકલ મેઝર્સ :–**

બાયોલોજીકલ મેઝર્સ દ્વારા કાયમી મચ્છરનાં ઉત્પત્તિ સ્થાનોને નિયંત્રણમાં રાખવા માટે તમામ ઝોન મળીને ૪૫ જેટલા માછલી ઉછેર કેન્દ્રો બનાવવામાં આવેલ છે, અને ૨,૧૪૯ કાયમી પાણીના ભરાવામાં પોરાભક્ષક માછલીઓને મુકવામાં આવેલ છે.

**(B) ડેન્ગ્યું સર્વે :–**

ડેન્ગ્યું સર્વે માટે ૪૦૦ જેટલા એકટીવ સર્વેલન્સ વર્કર, ૩૦ અર્બન હેલ્થ સેન્ટર કમ મેટરનીટી હોમ, સ્મીમેર, મસ્કતિ હોસ્પિટલ અને ગર્વમેન્ટ મેડીકલ કોલેજ દ્વારા મળેલ શંકાસ્પદ ડેન્ગ્યું કેસોના વિસ્તારમાં એકટીવ ટ્રાન્સમીશન અટકાવવા માટે ઈન્ટ્રોડોમેસ્ટીક, પેરીડોમેસ્ટીક, ટેમીફોસ ૫૦% ઈ.સી. ટ્રીટમેન્ટ અને ફોગીંગની કામગીરી ઘનિષ્ટ કરવામાં આવેલ છે. આ ઉપરાંત સુરત શહેરની પ્રાઈવેટ અગ્રગણ્ય હોસ્પિટલમાં દાખલ થયેલ શંકાસ્પદ કેસોની પુરેપુરી વિગત મેળવી સીરમ સેમ્પલ લઈ સ્મીમેર હોસ્પિટલ ખાતે પરીક્ષણ માટે મોકલવામાં આવે છે, અને દર્દીનાં રહેઠાણનાં વિસ્તારમાં કામગીરી કરવામાં આવે છે.

**(C) પબ્લીક હેલ્થ એજયુકેશન :–**

સ્થાનિક ટી.વી. ચેનલો, ન્યુઝ પેપરો, રેડીયો અને ટી.વી. દ્વારા મચ્છરજન્ય રોગો વિષે સમજ આપવામાં આવે છે. બેનર્સ, હોર્ડીગ્સ વગેરે દ્વારા પણ જાહેરાત કરવામાં આવે છે. હેલ્થ એજયુકેશન માટે પોષ્ટર, પેમ્પલેટ અને હેન્ડબીલ દ્વારા પણ જનજાગૃતિ કેળવવામાં આવે છે. સમયાંતરે વેકટર બોર્ન ડીસીઝ વિષે જાહેર જનતાને અપીલ કરતી જાહેરાત સ્થાનિક ન્યુઝપેપરોમાં , લોકલ ચેનલોમાં સ્ક્રોલ અને રેડીયો પર આપવામાં આવે છે. પ્રાઈવેટ પ્રેકટીશનરો પાસેથી વેકટર બોર્ન ડીસીઝ અંગેની માહિતી રોજે રોજ મેળવવામાં આવે છે.

**(D) નોટીસ અને વહીવટી ખર્ચ :–**

જે ઈસમો મચ્છરજન્ય રોગોને નિયંત્રણમાં રાખવામાં સુરત મહાનગરપાલિકા તરફથી આપવામાં આવતી સુચનાનું પાલન ન કરે અને પોતાની પ્રિમાઈસીસમાં મોસ્કીટોજનીક કંડીશન ઉત્પન્ન કરે તેવા ઈસમો સામે કુલ ૫૫૮૫ જેટલી નોટીસ આપવામાં આવેલ, અને રૂા.૪,૪૮,૪૫૦–૦૦ નો વહીવટી ખર્ચ સ્થળ પર જ વસુલ કરવામાં આવેલ.

આમ સુરત શહેરમાં વેકટર બોર્ન ડીસીઝ માટે એન્ટીલાર્વલ, એન્ટીએડલ્ટ, એન્ટીપેરાસાઈટોલોજીકલ મેઝર્સ અને જનજાગૃતિને લગતી તમામ કામગીરી સઘન રીતે કરવામાં આવી રહી છે, તેમ છતાં જાહેર જનતાને ડેન્ગ્યુંનાં રોગથી બચવા માટે નીચે જણાવેલ બાબતો પ્રત્યે ધ્યાન આપવા માટે જાહેર અપીલ કરવામાં આવે છે.

**એડીસ મચ્છરથી ફેલાતા ડેન્ગ્યું અને તેનાથી બચવાના સરળ ઉપાયો**

- ડેન્ગ્યું એક વાયરલ રોગ છે. જે એડીસ ઈજીપ્તાઈ નામના મચ્છર કરડવાથી થાય છે.
- ડેંગ્યુંથી બચવા મચ્છરની ઉત્પત્તિ અટકાવવા પાણીપોરાનો નાશ કરવો.
- એડીસ મચ્છરો ચોખ્ખાં પાણીનાં ભરાવામાં તેમજ ઘરમાં ખુલ્લા વાસણો તથા પીપ, પવાલી, કેરબા, ખુલ્લી ઓવર હેડ ટાંકીઓ, અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ, રેફ્રીજરેટરની ટ્રે માં ઉત્પન્ન થાય છે.
- ઘરની ટાંકીઓને હવા ચુસ્ત ઢાંકણથી બંધ રાખવી. અન્ય વાસણોને ઢાંકણ કે કપડાથી ઢાંકી રાખવા.
- પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડીએ ઘસીને, સૂકવીને તેમાં પાણી ભરો.
- મચ્છરદાનીમાં સુવાનો આગ્રહ રાખવો.
- હાથ પગ ખુલ્લા ન રહે તેવાં લાંબી બાંયના કપડા પહેરો.

**મેલેરીયા/ડેગ્યુંથી આપણે જાતે જ આપણું રક્ષણ કરી શકીએ છીએ.**

TOP